Pro G®

Proactive Growth - Lifetime

Approved by ECOCERT INPUTS

# વર્ષ ૨૦૦૮ થી ખેડૂતોની સેવામાં

देश की शान,
मिट्टी की जान



"વાવણીથી લણણી સુધીના
૧૦૦% નેચરલ પ્રોડક્ટ"




## સાતત્ય, વિશ્વાસ, જવાબદારી અને ગુણવત્તા એટલે - પ્રોજી
## વર્ષ ૨૦૦૮થી ખેડૂતો માટે સતત પ્રયત્નશીલ

શ્રી નિતીન સેઠી (ફાઉન્ડર ડાયરેક્ટર) કે જેમનો એક નાનકડો વિચાર આજે વટવૃક્ષ બનીને ઉભો છે, તે એટલે પ્રો-જી. પ્રો-જી એ રાષ્ટ્રીય બજારમાં ઝડપથી વિકાસ કરતી કંપની છે તેમજ વૈશ્વિક બજારમાં પણ ઉત્સાહપૂર્વક કામ કરી રહી છે. કંપનીનું મુખ્યાલય વડોદરા (ગુજરાત, ભારત) ખાતે છે તેની સહયોગી કંપની એસ્કોટ ઇન્ટરનેશનલ (૧૯૯૩) લિમિટેડ - માન્ચેસ્ટર, બ્રિટેન (યુનાઈટેડ કિંગડમ) ખાતે આવેલી છે.

અમે અદ્યતન ટેકનોલોજી ધરાવતો એક સુસજ્જ પ્લાન્ટ ધરાવીએ છીએ, જે વડોદરા-સાવલી ધોરીમાર્ગ પર છે અને વડોદરા શહેરથી અડધા કલાકના અને ગુજરાતના કોમર્શિયલ કેપિટલ અમદાવાદથી ૨ કલાકના અંતરે આવેલો છે.

ઓર્ગેનિક (જૈવિક) ખેતી કરવા માટે ખેડૂતોને પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને અમે વાવણીથી લણણી સુધી ૧૦૦% નેચરલ પ્રોડક્ટ્સ બનાવીએ છીએ. અમારી **R & D** ટીમ સતત નવા સંશોધન કરીને ખેડૂતોની દરેક સમસ્યાનો ઉકેલ લાવે છે. દરેક પ્રોડક્ટ્સ માર્કેટમાં મૂકતાં પહેલા કૃષિ યુનિવર્સિટીમાં તેનું નિદર્શન કરવામાં આવે છે. તેના પરિણામ પરથી ખેડૂતોને યોગ્ય ભલામણ કરવામાં આવે છે. આજે પ્રો-જી તેના જૈવિક ખાતરો, બાયો-સ્ટીમ્યુલન્ટ, માઈક્રોન્યટીઅન્ટ, સ્ટમ્યુલન્ટન્યુટ્રીઅન્ટ અને **PGR** (પ્લાન્ટ ગ્રોથ રેગ્યુલેટર) પ્રોડક્ટ્સ માટેની અગ્રણી બાયો કંપનીઓમાંની એક છે.

# Vision & Mission





ઓર્ગેનિક (જૈવિક) ખેતીને પ્રોત્સાહન આપી અમે ભવિષ્યની પેઢીઓ માટે સમૃદ્ધ જમીન, સ્વસ્થ આરોગ્ય અને પર્યાવરણની જાળવણી કરવા માંગીએ છીએ.

અમે પાકની વાવણીથી લઇને લણણી સુધીની ૧૦૦% જૈવિક પ્રોડક્ટ પ્રદાન કરીને કૃષિમાં ક્રાંતિ લાવવાના મિશન પર છીએ. કૃષિ સમુદાયોને સશક્ત બનાવવાનો પ્રયત્ન કરીએ છીએ.

**''ખેડૂતની સમૃદ્ધિ વગર રાષ્ટ્રની સમૃદ્ધિ શક્ય નથી.''**

**''અમારી ટીમ સતત પ્રયત્ન કરીને કઇ રીતે ખેતી ખર્ચ ઓછો થાય અને કઇ રીતે ખેડૂતો ગુણવત્તાયુક્ત અને સારું ઉત્પાદન લઇ શકે તે માટે સતત પ્રયત્નશીલ છે,''**

**''ઓર્ગેનિક ખેતી એ સમયની માંગ છે, તો આવો સૌ સાથે મળીને સમૃદ્ધ ભારતના નિર્માણમાં સહભાગી બનીએ.''**



**વિજયકુમાર જોશી**
મેનેજીંગ ડિરેક્ટર

## ખેડૂત જાગૃત્તિ પ્રોગ્રામ





## સ્ટાફ ટ્રેનિંગ





## ડીલર કોન્ફરન્સ





# વનવૃધ્ધિ વેટેબલ પાવડર




**પેકિંગ :** ૫૦ ગ્રામ, ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ, ૧ કિ.

**ઉપયોગ :** બિયારણને પટ આપવા

૧ કિ.ગ્રા. બિયારણ – ૨૫ ગ્રામ પાવડર

કંદમૂળ – ૧ ટન – ૧ કી. ગ્રામ

ધરૂનો ઉપચાર – ૫ લિ. પાણી / ૨૫૦ ગ્રામ

છંટકાવ – ૫૦૦ ગ્રામ / એકર – ૫૦ ગ્રામ / પંપ

**ફાયદા**

- છોડની રોગપ્રતિકારક શક્તિ વધારે
- મૂળ અને સહાયક મૂળની સંખ્યા વધારે
- ફૂલની સંખ્યામાં વધારો કરી ખરતા અટકાવે
- બીજ/છોડ માટે સંપૂર્ણ ખોરાક
- રાસાયણિક ખાતરને પાવડરનો પટ આપી ઉપયોગ કરવાથી ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ થાય છે.

**ડાંગર તેમજ ઘઉં જેવા પાકોમાં કંઠી બેસવાના સમયે (દાણા દૂધે ભરાય ત્યારે છંટકાવ કરવાથી દાણા પોસાયેલા નીકળે છે. તેથી ઉત્પાદનમાં વધારો જોવા મળે.)**

# વનવૃધ્ધિ દાણાદાર




**પેકિંગ :** ૧ કિ., ૫ કિ., ૮ કિ., ૧૦ કિ., ૪૮ કિ.

**ઉપયોગ :** કોઈપણ પાકમાં પાયાના ખાતર સાથે ઉપયોગમાં લઇ શકાય. તેમજ વાવણી પછી પૂર્તિ પાયાના ખાતરમાં પણ વાપરી શકાય છે.

ટૂંકા ગાળાનાં પાક માટે ૮ થી ૧૦ કિ.ગ્રા./એકર– લાંબા ગાળાનાં પાક માટે ૮ થી ૧૦ કિ.ગ્રા./વિઘા

**ફાયદા :** વનવૃદ્ધિ દાણાદારના ઉપયોગથી જમીનમાં પડેલ અલભ્ય તત્વોને લભ્ય કરી છોડને ઉપયોગી એવર બધા તત્વો પૂરા પાડે છે.

- ૧૦૦% નેચરલ હોવાથી સ્વસ્થ અંકુરણ વૃદ્ધિ.
- ઉત્પાદન ક્ષમતા વધારે છે.
- જમીન પોચી અને ભરભરી–રાખવામાં મદદરૂપ થાય છે.
- તેલીબિયાંવાળા પાકોમાં તેલની ટકાવારીમાં વધારો કરે.
- રાસાયણિક ખાતરની લભ્યતા વધારે જેથી તેનો ઉપયોગ ઘટાડી શકાય.
- બીજા કોઈપણ પ્રકારના માઇક્રો ન્યુટ્રીયન્ટ વાપરવાની જરૂર રહેતી નથી.

# એન. ઓ. એલ



**પેકિંગ :** ૧૦૦ મિલી, ૨૫૦ મિલી, ૫૦૦ મિલી, ૧ લિ.
**ઉપયોગ :** ઘરૂવાડીયામાં ફેરરોપણી કે છોડ ઊગી ગયા પછી છોડની વૃદ્ધિ માટે કરી શકાય
વાનસ્પતિક તેમજ જનનીક વિકાસ માટે
પંપથી છંટકાવ – ૩૫ મિલી/પંપ અથવા ૩૫૦ મિલી/એકર
ડ્રીપમાં છોડવા ૫૦૦ મિલી/એકર

**ફાયદા :**

- કોઈપણ પાકમાં છોડની વૃદ્ધિ કરવામાં ઉપયોગી.
- છોડનો વનસ્પતિક વિકાસ કરી ફૂલની સંખ્યામાં વધારો કરે છે.
- બટાકા જેવા પાકમાં વાપરવાથી ટ્યુબરની સંખ્યામાં વધારો કરે છે.
- તમાકુ જેવા પાકમાં વાપરવાથી પાનની જાડાઈમાં વધારો કરે છે.
- પ્રકાશસંશ્લેષણની ક્રિયા ઝડપી બનાવે છે.

# વનવૃધ્ધિ સોઇલ




**પેકિંગ :** ૫ કિ.
**ઉપયોગ :** લાંબાગાળાના પાકમાં તેમજ બાગાયતી પાકોમાં ખૂબ જ સારા પરિણામ મળે છે.
જમીનમાં દબાય તે રીતે ઉપયોગમાં લેવાય તો લાંબા ટાઇમ સુધી છોડને જેમ જેમ ભેજ મળતો જાય તેમ તેમ જરૂરી એવા બધા જ ન્યુટ્રીયન્ટ પૂરા પાડે છે.
૬૦ દિવસ કે તેથી વધારે દિવસના પાકમાં ૨(બે) વાર
બાગાયતી પાકમાં ૫૦ ગ્રામ/છોડ
અન્ય પાકોમાં ૫ કિ.ગ્રા./એકર

**ફાયદા :**

- બેક્ટેરિયા માટે સારો ખોરાક.
- ઓર્ગેનીક કાર્બન તેમજ પીએચનું સંતુલન જાળવે છે.
- પાકને શરૂઆતની અવસ્થાથી જ તંદુરસ્ત રાખે છે.
- પાકમાં લાંબા ટાઇમ સુધી લીલાશ જોવા મળે છે.
- જમીનમાં માઇક્રોબાયલ એક્ટીવીટી વધારે છે.

# સંજીવની

**પેકિંગ :** ૧ લિ., ૫ લિ.

**ઉપયોગ :** છંટકાવ ૬૦-૭૫ મિલી/પંપ
૭૫૦ મિલી/એકર
ડ્રીપ/ડ્રેન્ચીંગ કે નીકમાં પાણી સાથે આપવા માટે ૨ લિ./એકર

**ફાયદા :**

- સેન્દ્રિય રીતે બનાવેલ ઓર્ગેનીક કાર્બન તેમજ જરૂરી બેક્ટેરીયલ કલ્ચરથી ભરપૂર સેન્દ્રિય પ્રવાહી હોવાથી છોડને સંપૂર્ણ પોષણ મળે છે.
- છોડને મજબૂતાઇ આપે છે તેમજ રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે.




# ફ્રુટ કીટ

**પેકિંગ :** ૧૮.૫ કી.ગ્રા. કોઇપણ પાકમાં વાપરી શકાય છે.

**ઉપયોગ :** પાયાના ખાતરમાં ૨૦% રાસાયણિક ખાતરનો ઉપયોગ ઓછો કરી તેમાં આ કીટ ભેળવીને વાપરી શકાય. બીજીવારના ઉપયોગ માટે પાળા ચઢાવતી વખતે એક કીટ વિઘા એ વાપરી શકાય.
આ કીટ ઓર્ગેનિક મેન્યોર/સેન્દ્રિય ખાતર સાથે ભેળવીને ઉપયોગ કરી શકાય છે.

**ફાયદા :**

- છોડનો સંપૂર્ણ ખોરાક હોવાથી છોડનો સર્વાંગી વિકાસ.
- છોડમાં કોઇપણ પ્રકારના રોગ આવતા અટકાવવામાં મદદ કરે છે.
- છોડને વિષમ પરિસ્થિતિમાં ટકાવી રાખવામાં મદદ કરે છે.
- કેળ જેવા પાકમાં **સીગાટોકા** જેવા રોગને આવતા અટકાવી ઉત્પાદનમાં વધારો કરવામાં મદદરૂપ થાય છે.
- પપૈયા જેવા પાકોમાં શરૂઆતથી વાપરતા પાન પીળા થતા નહિવત જોવા મળે છે.



# ભુમીરક્ષક

**પેકિંગ:** ૧ લિ.

**ઉપયોગ :** જમીન જન્ય/બીજ જન્ય રોગ તેમજ જીવાત સામે રક્ષણ માટે ડ્રિપ/ફુવારા ૧ લિ./એકર
છંટકાવ ૧૦૦ મિલી/પંપ

**ફાયદા:**

- છોડમાં રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે છે.
- સુકારો આવતા રોકે છે.
- છોડની શરૂઆતથી જ તાકાત વધારતા ઉત્પાદનમાં વધારો કરે છે.
- જમીનનો ક્ષાર ઘટાડી પી.એચ. સંતુલીત કરવામાં મદદ કરે છે.

✸ ખેડૂતોના અનુભવ મુજબ ડ્રિપમાં છોડવાથી જામેલો ક્ષાર તોડીને ડ્રિપ ચોખ્ખી કરવામાં પણ મદદરૂપ થાય છે. જેથી ડ્રિપ સાફ કરવામાં કેમીકલનો ઉપયોગ ઘટાડી શકાય છે.




# સિક્યોર

## ઓર્ગેનિક એન.પી.કે. + કાર્બન

**પેકિંગ:** ૨૫૦ મિલી/૫૦૦ મિલી/૧ લિ

**ઉપયોગ:** સ્પ્રેમાં ૫૦૦ મિલી/એકર
૫૦ મિલી/પંપ-૧૫ લિટર
પિયતમાં ૧ લિટર/એકર

સિક્યોરમાં આવશ્યક તત્વો નાઇટ્રોજન ૫%, ફોસ્ફરસ ૫%, પોટાશ ૫% તથા ઓર્ગેનિક કાર્બન ૨૫% હોય છે. તે એક સંપૂર્ણ કુદરતી પોષણ છે. પાકનો સંપૂર્ણ વિકાસ કરી ફળનું કદ, ચમક અને ક્વોલિટી વધારે છે. કોઈપણ રાસાયણિક ખાતર-દવા સાથે આપી શકાય છે.

**ફાયદા:**

- પાકને સંપૂર્ણ પોષણ આપી ફૂલની સંખ્યામાં વધારો કરે છે.
- કાર્બનની ઉણપ પૂરી કરી જમીનને ફળદ્રુપ બનાવે છે.
- જમીનનો ક્ષાર ઓછો કરી pH બેલેન્સ કરે છે.
- જમીનને પોચી અને ભરભરી બનાવે છે.
- રાસાયણિક ખાતરનો ઉપયોગ ક્રમશઃ ઘટાડી શકાય છે.



# ચોકીદાર




**પેકિંગ:** ૩૦ મિલી/૧૦૦ મિલી/ ૨૫૦ મિલી/૫૦૦ મિલી

ઉપયોગ : કોઈપણ પામાં ચૂસીયા જીવાત તેમજ ઇંડા મૂકતા ફુદાને છોડથી દૂર રાખવા માટે ૧૫-૨૦ મિલી/પંપ અથવા ૧૫૦ મિલી/એકર કોઈપણ છોડ પર જીવાત પ્રતિરોધક તરીકે ઉપયોગ કરી શકાય.

**ફાયદા:**

- કોઈપણ પાકમાં શરૂઆતથી જ છંટકાવ કરી શકાય છે. જેથી કોઈપણ પ્રકારની ચુસીયા જીવાતને છોડથી દૂર રાખી શકાય તેમજ ઇંડા મૂકવાની પ્રક્રિયાને નિયંત્રિત કરી નાની ઇયળ તેમજ જીવાત સામે પહેલાથી રક્ષણ આપે છે.
- રીંગણ જેવા પાકમાં ડંખની ઇયળ આવતા અટકાવી ઉત્પાદનમાં વધારો કરવામાં મદદરૂપ થાય છે.
- ચોકીદારનાં છંટકાવ બાદ છોડમાં કુમાશ જોવા મળે છે.
- ૧૦૦% નેચરલ હોવાથી કોઈપણ શાકભાજીવાળા પામાં તોડતા પહેલા પણ વાપરી શકાય છે જેની કોઇ આડઅસર રહેતી નથી.
- કોઈપણ પાકમાં આતરખેડ કરતા પહેલા ચોકીદારનો ઉપયોગ કરવાથી જમીનમાં રહેલ કોશેટામાંથી ફુદુ નીકળી છોડ પર બેસી શકાતુ નથી. જેથી જીવાત અને ઇયળથી થતુ નુકશાન નીહવત જોવા મળે છે.
- વધુ સારા પરિણામ માટે ચોકીદારનો ઉપયોગ ગૌમૂત્ર સાથે અથવા તો સંજીવની (ઓર્ગેનિક) સાથે વાપરવું.

✸ ખેડૂતોના અભિપ્રાય મુજબ મરચી જેવા પાકમાં જટા કોકળવાટ વધારે જોવા મળે ત્યારે ચોકીદાર ૨૦ મિલી + વન વૃદ્ધિ વેટેબલ પાવડર ૫૦ ગ્રામનો છોડ પર સ્પ્રે કરવામાં આવે તો ત્યારબાદ નવા નીકળતા પાનમાં કોકળવાટ જોવા મળતો નથી.




# ક્રોપ ન્યુટ્રીશન કીટ

**પેકિંગ:** ૧ કીટ/વિઘામાં

ડ્રિપ/ડ્રેન્ચીંગ/સ્પ્રે કરવા માટે ઉપયોગમાં લઇ શકાય છે.

**ફાયદા:**

- બીજ જન્ય રોગ તેમજ જમીન જન્ય રોગ સામે રક્ષણ આપી છોડની વૃદ્ધિ કરે છે.
- છોડને શરૂઆતથી જ મજબૂતી આપે છે.
- છોડને લાબા ટાઇમ સુધી રોગથી દૂર રાખવામાં મદદ કરે.
- મૂળનો કોહવારો રોકી મૂળની સંખ્યામાં વધારો કરે.
- છોડની શરૂઅરતની અવસ્થાનો સુકારો અટકાવે છે.

# આઇ.બી.એન.એમ. (ધન જીવામૃત)

**વિશ્વનું એક માત્ર તૈયાર જીવામૃત**

**પેકિંગ :** ૫ કિ.

**ઉપયોગ :** ૫ કિ./એકર
૧૨.૫ કિ./હેક્ટર
(૨૦૦ લિટર ડ્રમમાં પાણી લઇ ૫ કિલો આઇ.બી.એન.એમ. મિશ્ર કરી ચારથી પાંચ દિવસ આથવણ કરાવવું)

**ફાયદા :**

- જમીનની ફળદ્રુપતા ટકાવી રાખે છે તેમજ ધીરે-ધીરે ફળદ્રુપતા વધારવાનું કામ કરે છે.
- જમીનમાં બેક્ટેરિયાનું પ્રમાણ વધારે છે.
- વારંવારના ઉપયોગથી જમીનમાં નુકશાનકારક ફુગ તેમજ બેક્ટેરિયાને અટકાવે છે.
- સેન્દ્રિય ખેતી માટે યોગ્ય વિકલ્પ.
- રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડી શકાય.
- દ્રાવણને કીટ પ્રતિરોધક તરીકે પણ વાપરી શકાય.







# સુગરકેન કીટ

**પેકિંગ :** ૨૩ કિ.

**ઉપયોગ :** ૧ કીટ/વિઘા

**ફાયદા :**

- કોઇપણ રાસાયણિક ખાતર સાથે મેળવીને ઉપયોગ કરી શકાય છે.
- ૨૦% રાસાયણિક ખાતર ઓછું કરીને ૧ કીટ વાપરી શકાય.
- શેરડીના પાકમાં ફુટારો, તેમજ પાન અને પેરીયાની સંખ્યામાં વધારો જોવા મળે છે.
- જમીન પોચી અને ભરભરી બનાવવામાં મદદરૂપ.
- શેરડીના પાકમાં ઉત્પાદનમાં વધારો જોવા મળે છે.

## પ્રોમ-જી (ફોસ્ફરસ)
### ડી.એ.પી.નો શ્રેષ્ઠ ઓર્ગેનિક વિકલ્પ

**પેકિંગ:** ૫૦ કિ.

**ઉપયોગ:** ૧ થી ૨ બેગ/એકર

**ફાયદા:**

- ફોસ્ફરસ ૮% અને કાર્બન ૮% ઓછામાં ઓછું લભ્ય સ્વરૂપે મળે છે.
- દાણાદાર હોવાથી ઉપયોગમાં સરળ.
- કેમિકલ કરતાં ઓછો ખર્ચ વધુ ઉત્પાદન.
- ફોસ્ફરસ જલ્દી લભ્ય થાય છે.
- ફોસ્ફરસ ફિક્સેશન થતું નથી.
- જમીન કઠણ બનતી રોકી ફળદ્રુપ બનાવે.







## કે.જી.એફ. (પોટાશ)
### કેમિકલ પોટાશનો શ્રેષ્ઠ ઓર્ગેનિક વિકલ્પ

**પેકિંગ:** ૫૦ કિ.

ઉપયોગ : ૧ થી ૨ બેગ/એકર

**ફાયદા:**

- તેમાં ઓછામાં ઓછું ૧૪.૫% ઓર્ગેનિક પોટાશ હોય છે.
- પાકનું વજન અને સાઇઝ બનાવે છે.
- પાણીનર શોષણમાં વધારો કરે છે.
- પ્રકાશસંશ્લેષણ પ્રક્રિયા સરળ બનાવે.
- રોગ પ્રતિકારક શક્તિ વધારે.
- પ્રોટીન અને સ્ટાર્ચના સંશ્લેષણ માટે.
- એન્ઝાઇમ ક્રિયાઓ સરળ કરવા માટે.

# ગૌ-ધન-ઓર્ગેનિક મેનયુર
# ગૌ-ધન ગોલ્ડ-ફરમેન્ટેડ ઓર્ગેનિક મેનયુર




**કાચા છાણીયા ખાતરનો શ્રેષ્ઠ ઓર્ગેનિક વિકલ્પ**

**પેકિંગ :** ગૌ ધન-૪૫ કિ. / ગૌ-ધન ગોલ્ડ-30 કિ.

ગોબર ગેસ પ્લાન્ટમાં ૩૪ દિવસની પ્રક્રિયા દ્વારા સંપૂર્ણ કહોવડાવેલ તેમજ જરૂરી બેક્ટેરિયા સ્લરી દ્વારા એનરીચ કરેલ સેન્દ્રિય ખાતર.

**ઉપયોગ :** એકરે ૧૦ થી ૧૨ બેગ જમીન તૈયાર કરતી વખતે અથવા તો વાવેતર કે રોપણી પછી પણ પુંખી શકાય.

**ફાયદા :**

- જમીનને પોચી અમને ભરભરી બનાવી ફળદ્રુપ બનાવે છે.
- નીંદામણનાં પ્રશ્નો ઘટાડે છે.
- તમામ પ્રકારનાં પોષક તત્વો વધારે છે.
- ઓર્ગેનિક કાર્બનની ટકાવારી વધારે છે.
- ઉપયોગી જીવાણુની સંખ્યા વધારવામાં મદદરૂપ બને છે.
- છાણીયા ખાતરની અવેજીમાં વાપરી શકાય.
- વધુ સારા પરિણામ માટે ૫ કિલો વનવૃદ્ધિ સોઈલ ગૌ-ધન સાથે ભેળવી ૧ એકરમાં આપી શકાય.

✷ **વધુ સારા પરિણામ માટે ૫ કિલો વનવૃધ્ધી સોઈલ ગૌધન સાથે ભેળવી ૧ એકરમાં આપી શકાય.**




# બેક્ટેરિયલ ઉત્પાદન

આ ઉપરાંત બેક્ટેરિયલ અને ફંગલ પ્રોડક્ટની રેન્જ પણ ઉપલબ્ધ છે. જેવા કે એન.પી.કે બેક્ટેરિયા, માયક્રોરાઇઝા, ટ્રાયકોડર્મા વગેરે.

# પ્રો-જી પોટાશ

**પેકિંગ:** ૫ ગ્રામ, ૬૦ ગ્રામ

**ઉપયોગ:** સ્પ્રેમાં ૬૦ ગ્રામ/એકર-૨૦૦ લિટર પાણી
૫ ગ્રામ/પંપ-૧૫ લિટર પાણી

પ્રો-જી પોટાશ એ એક નવીન ઓર્ગેનિક પોટાશ અને સલ્ફર યુક્ત ખાતર છે, જેમાં ૨૦% પોટાશ અને ૧.૫% સલ્ફર છે. જો પાકને કુદરતી પોટાશ પૂરો પાડે છે. તે ઓર્ગેનિક ખેતી પધ્ધતિ માટે માન્ય છે. જમીનના માઈક્રોબીયલ ઈકોસિસ્ટમ માટે ઉપયોગી છે. કુદરતી વૃધ્ધિ હોર્મોન્સ ધરાવે છે.

**ફાયદા:**

- ઓર્ગેનિક અને લભ્ય પોટાશ ધરાવે છે જેથી મોટાભાગના પાકોમાં સારી વાનસ્પતિક અને જનીનિક વૃદ્ધિમાં મદદ કરે છે.
- પોટાશ અને સલ્ફરનો સ્ત્રોત વધારે છે જેથી ફળોના આકાર, કદ, ચમક અને રંગમાં સુધારો થાય છે.
- વૃદ્ધિ સંબધિત હોર્મોન્સના સક્રિયકરણમાં મદદ કરે છે અને રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે. જેથી ઉપજ અને પાકની ગુણવત્તા વધે છે.
- પોષક તત્ત્વોના શોષણ અને ખાતરના ઉપયોગની કાર્યક્ષમતામાં સુધારો કરે છે.




# ગમશ્રી ૩૦

**પેકિંગ:** ૫ મીલી, ૪૦ મીલી, ૧૦૦ મીલી,
૨૫૦ મીલી, ૫૦૦ મીલી, ૧ લિ.

**ઉપયોગ:** ૫ મીલી/પંપ-૧૫ લિ. પાણી

ગમશ્રી ૩૦ એ ખેતી માટેનું પર્ણસ્પર્શી છંટકાવની અસરકારકતા વધારવા માટે ખાસ રચાયેલ ઉચ્ચ ગુણવત્તાવાળું કાર્યક્ષમ સ્પ્રેડર અને સ્ટીકર છે. તે કૃષિ રસાયણોને પાંદડાઓની સપાટી પર સરખી રીતે વિતરણ કરી મજબૂત રીતે ચોંટાડવામાં મદદ કરે છે, જેથી શાષણ વધે છે અને લાંબા સમય સુધી ટકી રહે છે.

**ફાયદા:**

- કૃષિ રસાયણોને પાંદડાની સપાટી પર મજબૂત રીતે ચોંટાડે છે અને વરસાદ અથવા સિંચાઈને કારણે કૃષી રસાયણો ધોવાઈ જવાની શક્યતા ઘટાડે છે.
- પોષક તત્ત્વો અને પાક સુરક્ષા ઉત્પાદનોની અસરકારકતામાં સુધારો કરે છે.
- મોટાભાગના કીટનાશકો, ફૂગનાશકો, જૈવિક ખાતર અને માઈક્રોન્યુટ્રિયન્ટ સાથે સરળતાથી મીક્ષ થાય છે.












Pro G®

Proactive Growth - Lifetime


Mfg. & Marketed By :

**PRO-G Agro Private Limited**

E-54, EPIP Zone, 3rd Road, GIDC-Savli,
Manjusar-391775, Dist. Vadodara, Gujarat, India.
Mob. : 95120 17631 / 95120 17651
Email : admin@progagro.com | Website : www.progagro.com

**Associate Office : Ascot International Ltd. Stockport, UK.**